એએપીને તુટવાથી રોકવા કેજરીવાલ આખરે સક્રિય

નવી દિલ્હી,તા. ૦૭

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ લોકસભાની ચુંટણીમાં કારમી હાર થયા બાદ પક્ષને તુટવાથી બચાવવા માટે સક્રીય થઈ ચુક્યા છે. તાજેતરમાં જ અનેક ટોચના નેતાઓ પક્ષ સાથે છેડો ફાડી લીધા બાદ હવે કેજરીવાલ પર તેમને પરત લાવવાના પ્રયાસમાં લાગી ગયા છે. વિખરાઈ રહેલા પરિવારના સભ્યોને એકત્રિત કરવાનો સંકેત આજે કેજરીવાલે આપ્યો હતો. આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકના બીજા દિવસે અરવિંદ કેજરીવાલ મતભેદોને દૂર કરવાનો સંકેત આપ્યો હતો. યોગેન્દ્ર યાદવને પક્ષના ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી નેતા તરીકે ગણાવીને કેજરીવાલે કહ્યું હતું કે, યોગેન્દ્ર યાદવને કેટલીક જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત પાર્ટીમાંથી નારાજ થઈને છેડો ફાડી ચુકેલા શાઝિયા ઈલ્મીની વાપસીના પ્રયાસો પણ કરવામાં આવશે. આના માટે પણ યોગેન્દ્ર યાદવ સહિત કેટલાક નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે, યોગેન્દ્ર યાદવ તેમના નજીકના મિત્ર અને મહત્વપૂર્ણ સાથી છે. તેઓએ અનેક મહત્વપૂર્ણ મુદ્દા ઉપર ધ્યાન દોર્યું છે. અમે મળીને સાથે કામ કરીશું. શાઝિયા ઈલ્મીને પણ પાર્ટીમાં લાવવાના પ્રયાસ કરવામાં આવશે. અત્ર નોંધીનય છે કે, લોકસભાની ચુંટણીમાં કારમી હાર થયા બાદ એએપીની કારોબારીની બેઠકના પ્રથમ દિવસે ભારો હોબાળો રહ્યો હતો. યોગેન્દ્ર યાદવ અને મનીષ સિસોદિયાના પત્રો લીક

થઈ જવાથી પક્ષની અંદર ખેંચતાણની સ્થિતિ સ્પષ્ટપણે સપાટી પર આવી હતી. ત્યારબાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, યોગેન્દ્ર યાદવની પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવશે. શાઝિયા ઈલ્મીને પાર્ટીમાં લાવવા માટે કેજરીવાલે દરખાસ્ત રજૂ કરી છે અને આની જવાબદારી અંજલીને આપવામાં આવી છે. અંજલી પણ પાર્ટી સાથે છેડો ફાડી ચુકી હતી. પરંતુ અંજલી રાજીનામું પરત ખેંચી ચુકી છે. જો શાઝિયા ઈલ્મી પક્ષમાં પરત ફરશે તો ખુશી થશે. બીજી બાજુ કેજરીવાલના નજીકના સાથી મનીષ સિસોદિયાએ યોગેન્દ્ર યાદવ પર આક્ષેપ કર્યો હતો કે, કેજરીવાલને તેઓ ટાર્ગેટ બનાવી રહ્યા છે અને આંતરીક મામલાઓને જાહેર કરી રહ્યા છે. શુક્રવારે આઠ લાક સુધી બેઠક ચાલી હતી. આજે પણ આ બેઠક આગળ વધી હતી. કુમાર વિશ્વાસ ગઈકાલે બેઠક છોડીને જતા રહ્યા હતા. આજે પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા નહતા. પાર્ટીએ આને મહત્વ આપ્યા વગર કહ્યું છે કે, જુદા-જુદા અભિપ્રાય કોઈ ગુનો નથી. આનાથી પાર્ટીમાં લોકશાહી સ્પષ્ટ થાય છે.શાઝિયા ઈલ્મી અને યાદવ વ્યુહરચનાકારો પૈકીના એક તરીકે ગણાતા હતા. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં એએપીની કારમી હાર બાદ કેજરીવાલની વ્યાપક ટીકા શાઝિયા ઈલ્મી દ્વારા કરવામાં આવી હતી. શાઝિયા ઈલ્મીને મનાવવાના પ્રયાસો ફરી એકવાર હાથ ધરવામાં આવશે. કારોબારીમાં દિલ્હી વિધાનસભાની ચુંટણી માટેની વ્યુહરચના ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પાર્ટીમાં અસંતોષની સ્થિતિ વચ્ચે કટોકટી ઉભી થયેલી છે.

મોદીની અમેરિકા યાત્રાની તારીખ ટૂંકમાં નક્કી કરાશે

નવી દિલ્હી, તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ અમેરિકાની મુલાકાત લેનાર છે. અમેરિકાની યાત્રાને લઈને માત્ર ભારતમાં જ નહીં બલ્કે અમેરિકામાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોદીની અમેરિકાની ઐતિહાસિક યાત્રા માટેની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. તેવો ખુલાસો અમેરિકા દ્વારા આજે કરવામાં આવ્યો હતો. અમેરિકી વિદેશ વિભાગના નાયબ પ્રવક્તા મેરી હાર્ફે કહ્યું હતું કે, વડાપ્રધાન ટૂંકમાં જ અમેરિકાની મુલાકાત લેનાર છે. તારીખ અંગે ટૂંકમાં જ જાહેરાત કરવામાં આવશે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને વિદેશ પ્રધાન જોન કેરી બન્ને કહી ચુક્યા છે કે, અમે અમેરિકામાં ભારતના વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે તૈયાર છીએ. તારીખ નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ઘણા બધા અહેવાલો તારીખોને લઈને આવી રહ્યા છે પરંતુ તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. સપ્ટેમ્બરમાં બરાક ઓબામાને મળવા માટેની ઈચ્છા નરેન્દ્ર મોદી પણ વ્યક્ત કરી ચુક્યા છે. મોદીએ અમેરિકા આવવા માટેનું ઓબામાનું આમંત્રણ સ્વીકારી લીધું છે. આ સપ્તાહની શરૂઆતમાં જ જણાવાયું હતું કે, બન્ને દેશોના રાજદ્વારી ચેનલો મારફતે તારીખ નક્કી કરવામાં આવશે. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ગઈકાલે જ કહ્યું હતું કે, લોકસભાની ચુંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ મોદીને અભિનંદન આપનાર નેતાઓમાં ઓબામા સૌથી આગળ હતા. પ્રવક્તાનું કહેવું છે કે, ઓબામા અને મોદી વચ્ચે મહત્વપૂર્ણ મંત્રણા આ યાત્રા દરમિયાન થશે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક પણ સપ્ટેમ્બર મહીનામાં જ મોટાભાગે યોજાય છે આવી સ્થિતિમાં સપ્ટેમ્બરમાં મોડેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની યાત્રા કરશે.

હવે નક્સલવાદી વિસ્તારોને મોસ્ટ ડેન્જરસ ઝોન તરીકે ગણવા નિર્ણય

નવી દિલ્હી,તા. ૦૭

સરકાર, અધિકારીઓ અને સુરક્ષાદળો દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી નક્સલવાદ વિરોધી વ્યુહરચનાને અમલી બનાવવાની તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. મોદી સરકારે નક્સલવાદી વિસ્તારોને મોસ્ટ ડેન્જરસ ઝોન તરીકે જાહેર કરવાની તૈયારી કરી છે. આની સાથે-સાથે સૈનિકો માટે વિશેષ લાભ આપવાની તૈયારી પણ કરવામાં આવી છે. માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવી રહેલા સુરક્ષા જવાનો અને અધિકારીઓને ખાસ નાણાકીય લાભ આપવામાં આવશે સાથે-સાથે પ્રમોશનમાં પણ વધુ મહત્વ આપવામાં આવશે. ડેન્જરસ વિસ્તારમાં તેમની અવધિ પુરી થઈ ગયા બાદ પસંદગીની પોસ્ટીંગ

પણ આપવામાં આવશે. આ તમામ લાભ સુરક્ષા જવાનોને ઉપલબ્ધ કરાવવાની તૈયારી પણ કરવામાં આવી છે. નક્સલવાદી વિસ્તારોને મોસ્ટ ડેન્જરસ ઝોન તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે. સરકાર આ વિસ્તારોમાં ફરજ બજાવી રહેલા અર્ધલશ્કરીદળના જવાનોને હાડમારી ભત્થામાં વધારો કરશે. જમ્મુ-કાશ્મીર, ઉત્તર પૂર્વના પ્રદેશમાં ફરજ બજાવી રહેલા જવાનોને જે સુવિધા મળી રહી છે તેવી જ સુવિધા નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવતા જવાનોને આપવામાં આવશે. હાલમાં જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવતા અર્ધલશ્કરીદળના કોન્સ્ટેબલને આઠ હજાર રૂપિયા મહીને આપવામાં આવે છે આ ઉપરાંત અન્ય લાભ આપવામાં આવે છે.

નવી વ્યુહરચના ઉપર હાલમાં જ ચર્ચા કરવામાં આવી હતી. માઓવાદી દૂષણોને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલાની સમીક્ષા કરવા ગૃહપ્રધાન રાજનાથસિંહ દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. કુશળ આઈએએસ, આઈપીએસ અધિકારીઓને નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવવા પ્રોત્સાહન આપવાના હેતુસર આ સુવિધા અપાઈ રહી છે. અન્ય હિલચાલમાં નવી સરકારે ગૃહ મંત્રાલયમાં નક્સલ મેનેજમેન્ટ ડીવિઝનનું નામ બદલી નાંખ્યું છે. ગૃહ મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે, નક્સલવાદી ખૂબ જ નિયંત્રિત શરતો ધરાવે છે. સરકાર વધુ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા ઈચ્છુક છે. સુરક્ષાદળના નૈતિક જુસ્સાને ઉંચો રાખવામાં આવશે. સુરક્ષાની સ્થિતિમાં સુધારો થશે તો જ વિકાસની ગતિ તીવ્ર બનશે.

આજે નડાલ અને જોકોવિકની વચ્ચે રોમાંચક ફાઈનલ

સાંજે ૬:૩૦ વાગ્યાથી પ્રસારણ

પેરિસ,તા. ૭

પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે રમાઈ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ ગ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનમાં હવે પુરૂષોના વર્ગમાં ફાઈનલ મેચ રાફેલ નડાલ અને નોવાક જોકોવિક વચ્ચે રમાશે. આવતીકાલે નડાલ અને જોકોવીક વચ્ચે ફાઈનલ જંગ ખેલાશે. આ મેચની સાંજે ૬.૩૦ વાગ્યાથી નિયો સ્પોર્ટ્સ પરથી જીવંત પ્રસારણ કરાશે. રાફેલ નડાલ રેકોર્ડ નવમી વખત ફ્રેન્ચ ઓપન જીતવા માટે મક્કમ બનેલો છે અને તેને રોકવાની તાકાત હવે એકમાત્ર નોવાક જોકોવિક ધરાવે છે. નડાલ પહેલાથી જ અહીં એવા રેકોર્ડ ધરાવે છે જે કોઈ ખેલાડી સ્વપ્રમાં વિચારી શકે છે. રોલેન્ડ ગેરોસ ખાતે નડાલે હજુ સુધી ૬૬ મેચો રમી છે જે પૈકી તેની માત્ર એક મેચમાં હાર થઈ છે. તે પહેલાથી જ આ ટ્રોફી આઠ વખત જીતી ચુક્યો છે. ટોપના ખેલાડી નડાલે ગઈકાલે સેમીફાઈનલમાં વર્તમાન વિમ્બલ્ડન ચેમ્પિયન એન્ડી મરેને હાર આપી હતી. નડાલે સીધા સેટોમાં મરે પર ૬-૩,૬-૨ અને ૬-૧થી જીત મેળવી હતી. આ મેચ કોર્ટ ફિલીપ પર રમાઈ હતી. મેચ બાદ નડાલે કહ્યું હતું કે આ મચ તેના ફેવરીટ કોર્ટમાં રમાઈ હતી. જેથી તેનો ઉત્સાહ પહેલાથી અનેક ગણો વધી ગયો હતો. જ્યારે અન્ય સેમીફાઈનલમાં જોકોવિકે ઈરનેસ્ટ ગુલબીસ પર ૬-૩, ૬-૩, ૩-૬ અને ૬-૩થી જીત મેળવી હતી. સૌથી રસપ્રદ બાબત એ છે કે નડાલે અગાઉ તમામ મેચોમાં ફ્રેન્ચ ઓપનમાં જોકોવિકને હાર આપી છે. તમામ પાંચેય મેચોમાં નડાલની જોકોવિક પર જીત થઈ છે. વર્ષ ૨૦૦૬માં ક્વાર્ટર ફાઈનલ સાથે આની શરૂઆત થઈ હતી. વર્ષ ૨૦૦૭, ૨૦૦૮ અને વર્ષ ૨૦૧૩માં નડાલ અને જોકોવિક વચ્ચે સેમીફાઈનલમાં મેચ રમાઈ હતી. જેમાં નડાલ જીત્યો હતો. વર્ષ ૨૦૧૨માં તેમની વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં નડાલ ચેમ્પિયન બન્યો હતો. નોવાક જોકોવિક ફ્રેન્ચ ઓપનમાં નડાલના પ્રભુત્વને તોડી શક્યો નથી. પરંતુ તે નડાલની આગેકુચને રોકી શકે છે. બીજા ક્રમાંકિત નોવાક જોકોવિકે ગયા મહિનામાં રોમમાં ફાઈનલ સહિત છેલ્લી ચારેય મેચમાં નોવાક જોકોવિકની જીત થઈ છે.

મુંબઈ મેટ્રોની આજે ભવ્ય શરૂઆતથી લોકોને રાહત

મુંબઈ,તા. ૦૭

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈની હવે વર્લ્ડક્લાસ યુગમાં એન્ટ્રી થઈ રહી છે. જેની લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી હતી તે મુંબઈ મેટ્રોનું ઉદ્ઘાટન આવતીકાલે કરવામાં આવનાર છે. આની સાથે જ મુંબઈ મેટ્રોમાં ઓપરેશનની શરૂઆત થશે. યાત્રીઓને અતિઆધુનિક સુવિધા આપવાની શરૂઆત થઈ રહી છે. આરઆઈઈન્ટ્રાના મુંબઈ મેટ્રો વનની પ્રાઈવેટ લીમિટેડના સીઈઓ અભય મિશ્રાએ પત્રકાર પરિષદમાં આજે આ મુજબની જાહેરાત કરી હતી. આરઆઈઈન્ટ્રાના નેતૃત્વમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડલ ઉપર અમલી બનનાર ભારતનો આ પ્રથમ મેટ્રો રેલવે પ્રોજેક્ટ છે. આના ઉપર ૪૩૦૦ કરોડનોખર્ચ આવ્યો છે. રવિવારથી આની શરૂઆત થશે. ૧૧.૪ કિલોમીટર લાંબા વરસોવા-અંધેરી-ઘાટકોપર-ઈસ્ટવેસ્ટ કોરીડોર રસ્તામાં ૧૨ ઈલેવેટેડ સ્ટેશન આવશે. આની સાથે જ મુંબઈના લોકોને મોનસુન પહેલા એક મોટી

સુવિધા મળવા જઈ રહી છે. મેટ્રો સર્વિસ સવારે ૫.૩૦ વાગે શરૂ થશે અને અડધી રાત સુધી ચાલશે. આ સેક્ટર ઉપર કુલ ૧૬ રેક્સ ગોઠવવામાં આવ્યા છે. આની ઝડપ ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. દરેક ડબ્બામાં ચાર કોચની સુવિધા રહેશે અને તેમાં ૩૭૫ યાત્રી આવી શકશે. આશરે ૧૫૦૦ યાત્રી પ્રતિ સર્વિસ મુસાફરી કરી શકશે. વરસોવા અને ઘાટકોપર વચ્ચે લોકોને ફાયદો થશે. કોચની સંખ્યા ૨૦૧૭ સુધી પ્રતિ ટ્રેન છ સુધી વધારવામાં આવશે. પોષાય તેવી ટીકીટના રેટ ઉપર મુંબઈ મેટ્રોમાં દરરોજ આશરે ૬ લાખ મુસાફરી કરી શકશે. એરકન્ડીશનમાં પણ સર્વિસ રહેશે. હાલમાં વરસોવા અને ઘાટકોપર વચ્ચે ઈસ્ટવેસ્ટ કોરીડોર પર કોઈ ઉપનગરી ટ્રેન કનેક્શન નથી. બેસ્ટની જાહેર બસનો ઉપયોગ લોકો દ્વારા કરવામાં આવે છે. ૧૨ સ્ટેશન આના પર રહેશે જેમાં વરસોવા, ડીએનનગર, આઝાદનગર, અંધેરી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ચકલા, એરપોર્ટ રોડ, મારોલનાકા, સાકીનાકા, સુભાષનગર, અસલફા રોડનો સમાવેશ થાય છે. હવે કોલાબા-બાંદ્રાની રાહ પણ લોકો જોઈ રહ્યા છે. ઉપરાંત બાંદ્રા-કુરલા ઉપર પણ તબક્કાની શરૂઆત હાથ ધરવામાં આવનાર છે.

૮ નવી આઈઆઈટીને લઈ સ્મૃતિ ઉપર પ્રશ્નો

નવી દિલ્હી, તા.૦૭

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાનીએ આઠ નવી આઈઆઈટીની રચના કરવાનો નિર્ણય કર્યા બાદથી આને લઈને જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. જુની આઈઆઈટીના વિદ્યાર્થીઓ પણ આ હિલચાલની સમીક્ષા કરવાની માંગ કરી રહ્યા છે. એક સપ્તાહથી પણ ઓછા સમયગાળાની અંદર છ હજાર જેટલા વિદ્યાર્થીઓ પ્રશ્ન કરી ચુક્યા છે. આઈઆઈટીના વિદ્યાર્થીઓ આ મામલામાં રાષ્ટ્રવ્યાપી અભિપ્રાય મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ એવી દલીલ કરી છે કે, આઠ નવી આઈઆઈટીની રચનાને લઈને ઘણી દુવિધા રહેલી છે. પહેલાથી જ સ્ટાફની અછત દેખાઈ રહી છે. પુરતી સંખ્યામાં સુવિધા પણ નથી. વિદ્યાર્થીઓની પણ અછત દેખાઈ રહી છે. પ્રવર્તમાન આઈઆઈટીમાં જે હોદ્દાઓ મંજૂર કરવામાં આવ્યા છે તે પૈકી ૬૫૯૧ જગ્યાઓ છે જે પૈકી ૪૦૭૯ જગ્યાઓ ભરવામાં આવી છે. જે કુલ જરૂરિયાત પૈકી ૬૨ ટકાની આસપાસની છે. આ ફેકલ્ટી સુવિધાઓની અંદર વિઝીટીંગ સ્ટાફનો પણ સમાવેશ થાય છે. ૨૦૦૯માં આઠ આઈઆઈટીની રચના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને એવી દહેશત છે કે જો આઠ નવી સંસ્થાઓની રચના કરવામાં આવશે તો પહેલાથી જ જે આઈઆઈટીની હાલત કફોડી છે તેના જેવી જ સ્થિતિ થશે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે, આઈઆઈટીમાં સરેરાશ સંખ્યા બળ ૧૦૦૦ વિદ્યાર્થીઓનું છે. ૨૦૦૯માં આઠ આઈઆઈટીની રચના કરવામાં આવી હતી. સ્મૃતિ ઈરાની આવી સંસ્થાઓની સંખ્યા વધારવાનો નિર્ણય કરી ચુકી છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ પણ પ્રશ્નો ઉઠાવી રહ્યા છે.

સમાચાર ઝલક

- વિશ્વ બજારથી વિપરીત રીતે સ્થાનિક બજારમાં સોના ચાંદીના ઘટતા ભાવો.
- ૨૮મી જુનથી ૪૪ દિવસ ચાલનારી અમરનાથ યાત્રા.
- ચાના ઉત્પાદનમાં ઘટાડો નોંધાતા ભાવ વધવાના એંધાણ.
- ઉત્તરપ્રદેશમાં ૨૦૧૨માં બે હજાર બળાત્કારના બનાવો.
- રાજકુંદ્રા પત્ની શિલ્પા શેટ્ટીને ઘર ગિફ્ટ આપવામાં નંબર વન સાબિત થયા.
- રલેવેમાં રિઝર્વેશન બારી મોડી રાત સુધી ખુલ્લી રહેશે.
- અમેરિકામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત વખતે નવરાત્રિ અનુષ્ઠાન ચાલતા હશે.
- રાજકોટ જેલમાં કેદી ચંદુ ઉર્ફે રાજુએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું.
- કરણ જોહરની બર્થ ડે પાર્ટીમાં વરૂણ અને સિદ્ધાર્થની છુટા હાથની મારામારી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪ વર્ષ અગાઉ જે રસોઈયાની રસોઈ હરિયાણામાં જમતા હતા તેની સાથે આજે પણ સંબંધ સાચવ્યા છે. શ્રી મોદીને ગમે ત્યારે મળવા માટેનો પાસ મળેલ છે.
- સલમાન ખુર્શીદ, કપીલ સિબ્બલ, શ્રી ચિદમ્બરમ્, શ્રી વિરપ્પા મોઈલી ફરી કાળો કોટ ધારણ કરશે.
- રાજકોટ કોર્પોરેશનમાં વિરોધપક્ષોએ આશ્ચર્યજનક કાર્યક્રમમાં કર્મચારીઓ ઊંઘતા ઝડપાયા. દરેકના ગળે 'અચ્છે દિન આયે હૈ' બોર્ડ ટીંગાડી દીધું.
- ચીનમાં આતંકવાદના ગુનામાં ૧૨ને ફાંસી.
- ગરમીના કારણે લીલા શાકભાજીમાં કિલો દીઠ ૫ થી ૧૦નો ભાવ વધારો, શાક બગડી જવાના વધતા બનાવો.
- સોમનાથ જતાં હવે વાહનચાલકે નવો ટોલટેક્ષ ભરવો પડશે. અમદાવાદથી સોમનાથ વચ્ચે ૮૦૦નો ટોલટેક્ષ થશે.
- શામળાજીના મુખ્ય પ્રવેશદ્વારો ચાંદીથી મઢાશે. એક ભક્તે જાહેર કર્યું દાન.

હવે સિંગલ મેડીકલ એન્ટ્રેન્સ ટેસ્ટની હર્ષવર્ધને તરફેણ કરી

નવી દિલ્હી,તા. ૭

કેન્દ્રિય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને સિંગલ મેડિકલ એન્ટ્રેન્સ ટેસ્ટની તરફેણ કરીને તમામ સંબંધિત વર્ગોમાં ચર્ચા જગાવી છે. તેમણે કહ્યું છે કે સિંગલ મેડિકલ એન્ટ્રેસ ટેસ્ટ આદર્શ છે. આ ખુબ આદર્શ છે પરંતુ કોર્ટ આદેશના અનુસંધાનમાં ફરી ચકાસણી કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સમીક્ષા કરવાની જરૂર છે. કારણ કે તેના પર ઘમા વર્ષોથી પ્રશ્નો ઉઠી રહ્યા છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ભ્રષ્ટાચારના મોટા સોર્સ તરીકે છે. વર્ધને કહ્યું હતું કે મેડિકલ શિક્ષણ વ્યવસ્થાને મજબુત કરવાના બદલે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ વ્યવસ્થાને નબળી કરી દીધી છે.આગામી થોડાક સમયમાં અન્ય પાસા પર ચર્ચા કર્યા બાદ આની તરફ ધ્યાન અપાશે. વર્ધને કહ્યું હતું કે એમસીઆઈની કામગીરીને લઈને વ્યાપક ફરિયાદ આવી રહી છે. મેડિકલ શિક્ષણના રેગ્યુલેટરની કામગીરીમાં મંત્રાલય સક્રિય રહે તેમ તેઓ ઈચ્છતા નતી પરંતુ શિક્ષણ વ્યવસ્થા અસરકારક બને તેમ તેઓ ઈચ્છે છે.

સ્વર્ણ મંદિર હિંસા : ૨૮ લોકોની સામે કેસ દાખલ

અમૃતસર, તા.૦૭

સ્વર્ણ મંદિર સંકુલમાં અથડામણ અને મારામારીના સંદર્ભમાં ૨૮ લોકો સામે કેસ દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી છે. ઓપરેશન બ્લુસ્ટારની ૩૦મી વરસીના દિવસે ગઈકાલે એસજીપીસીના સુરક્ષા સ્ટાફ અને શીખ સમુદાયના લોકો વચ્ચે અથડામણ થઈ હતી. આ સંદર્ભમાં ૨૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે સાત હજી પણ ફરાર છે. અમૃતસરના કમિશનર જતીન્દરસિંહ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ૪૫ મિનિટ સુધી જોરદાર અથડામણ થઈ હતી જેમાં ખુલ્લી તલવારો ઉછડી હતી. ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. સાવચેતીના પગલા રૂપે સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

ગઈકાલે સ્વર્ણ મંદિર સંકુલની અંદર જ તલવારો ઉછડી હતી. જેમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા કેટલાકને ગંભીર ઈજા થઈ હતી. બન્ને પક્ષોના લોકોએ તલવારો અને છડીઓ સાથે એકબીજા પર હુમલા કર્યા હતા. સંકુલની અંદર અકાલ તખ્ત ઈમારતની બહાર એકબીજાનો પીછો કર્યો હતો. ખુલ્લી તલવારો લઈને બન્ને પક્ષોના લોકો ઉતરી આવ્યા હતા. આ સંકુલને શીખ સમુદાયના લોકો માટે સૌથી પવિત્ર સ્થળ તરીકે ગણવામાં આવે છે. ઘણા લોકો પોતાને બચાવવા માટે દહેશતમાં ભાગતા નજરે પડ્યા હતા. સાક્ષીઓએ કહ્યું છે કે, શિરોમણી અકાળીદળના કાર્યકરોને એસજીપીસી ટાસ્કફોર્સ દ્વારા રોકવામાં આવ્યા હતા. તલવારો અને અન્ય પરંપરાગત હથિયારોને ચમકાવવાથી રોકવામાં આવતા મામલો બીચક્યો હતો. સંકુલની અંદર જ જોરદાર ખાલીસ્તાન તરફી સુત્રોચ્ચારનો દોર શરૂ થઈ ગયો હતો. આના પરિણામ સ્વરૂપે બન્ને પક્ષો આમને સામને આવી ગયા હતા. ૩૦મી વરસીના દિવસે ધાર્મિક કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આ હિંસા ભડકી ઉઠી હતી.મંદિર સંકુલની અંદર પણ વ્યાપક તંગદીલી ફેલાઈ ગઈ હતી. પત્રકારોને પણ ધક્કે ચઢાવવામાં આવ્યા હતા. તરત જ સાદા વસ્ત્રોમાં પોલીસ જવાનો ગોઠવાઈ ગયા હતા. પંજાબ પોલીસના ૨૦૦૦ જવાનો છેલ્લા ત્રણ દિવસથી તેનાત કરવામાં આવ્યા છે. ઓપરેશન બ્લુસ્ટારની વરસીને ધ્યાનમાં લઈ આ જવાન ગોઠવવામાં આવ્યા હતા.

અભિનેત્રી કરિશ્મા ટૂંકમાં બીજા લગ્ન કરશે : રિપોર્ટ

બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી કરિશ્મા કપુર ફરી એકવાર લગ્ન કરવા માટેની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કરિશ્મા કપુર હાલમાં અન્ય એક વ્યક્તિના પ્રેમમાં દેખાઈ રહી છે. કરિશ્મા કપુરના પ્રથમ લગ્ન બિઝનેસમેન સંજયકપુર સાથે થયા હતા. કરિશ્મા કપુર પોતાના પતિ સંજયકપુર સાથે છુટાછેડા લઈ ચુકી છે. આના માટે કોર્ટમાં અરજી પણ કરી ચુકી છે. સુત્રોના જણાવ્યા મુજબ છુટાછેડા લીધા બાદ તે પોતાની લાઈફમાં નવેસરથી આગળ વધવા ઈચ્છુક છે બીજા લગ્ન કરવા માંગે છે. મળેલી માહિતી મુજબ કરિશ્માની લાઈફમાં એક નવા પ્રેમીની એન્ટ્રી થઈ ગઈ છે. કરિશ્માના આ નવા પ્રેમીનું નામ સંદીપ તોસ્નીવાલ છે. સંદીપ એક ફાર્મા કંપનીના સીઈઓ તરીકે છે. ૩૯ વર્ષીય સંદીપ પણ છુટાછેડા લઈ ચુકેલા છે અને તેમના પણ કરિશ્માની જેમ જ બે બાળકો છે. બન્નેની મિત્રતા કોઈ વધારે જુની નથી. બન્ને એક બીજાની કંપનીને વધારે પસંદ કરી રહ્યા છે. સૌથી મોટી બાબત એ છે કે, બન્નેના પરિવાર પણ આ સંબંધથી ખુશ દેખાઈ રહ્યા છે.

ઈપીએફઓ નવ ટકા વ્યાજ આપે તેવી પ્રબળ સંભાવના

નવી દિલ્હી,તા. ૭

રીટારમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ તેના પાંચ કરોડથી વધારે ગ્રાહકોને વર્તમાન નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણ પર નવ ટકા વ્યાજદર આપે તેવી શક્યતા દેખાઈ રહી છે. આના સંકેત મવી રહ્યા છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ધારકોને ચુકવવામાં આવેલા વ્યાજ કરતા વધુ વ્યાજદરની ચુકવણી કરવાની તૈયારી ઈપીએફઓ દ્વારા કરી લેવામાં આવી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે વર્ષ ૨૦૧૩માં ૮.૭૫ ટકા વ્યાજદરની ચુકવમી કરવામાં આવ્યા બાદ હવે વધારે વ્યાજની ચુકવણી કરશે. સુત્રોએ કહ્યું છે કે પ્રારંભિક અંદાજ દર્શાવે

છે કે એમ્પ્લોઈસ પ્રોવિડંન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન વર્ષ ૨૦૧૪-૧૫ માટે પીફ થાપણ પર નવ ટકા વ્યાજની ચુકવણી કરી શકે છે. તેમના જણાવ્યા મુજબ બજારની સુધરેલી સ્થિતી અને ખાસ કરીને કેન્દ્રમાં નવી સરકાર આવ્યા બાદ નવી આશા દેખાઈ રહી છે. બોડી દ્વારા જુદા જુદા રોકાણમાં સારા પરિણામની આશા વ્યક્ત કરવામાં આવી છે. ઈપીએફઓ પાંચ લાખ કરોડથી વધુ રકમ મેનેજ કરે છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન તેના દ્વારા ચલાવવામાં આવતી સામાજિક સુરક્ષા યોજના હેટળ તેના ગ્રાહકો પાસેથી થાપણ તરીકે ૭૧૧૯૫ કરોડ રૂપિયા મળ્યા હતા. જે વર્ષ ૨૦૧૨-૧૩માં તેના દ્વારા એકત્રિત કરવામાં આવેલી રકમ કરતા ૧૬ ટકા વધારે છે.

વર્ષ૨૦૧૨-૧૩માં તેના દ્વારા એકત્ર કરવામાં આવેલી રકમ ૬૧૧૪૩ કરોડ હતી. સુત્રોએ કહ્યું છે કે સરકાર ઈપીફઓને એસડીએસ પર આઠ ટકા વ્યાજ આપે છે. ગયા વર્ષે શ્રમ મંત્રાલય દ્વારા કેટલાક નિયમોને બદલી દેવામાં આવ્યા હતા. જે હેટળ ઈપીએફઓ બેંકો એન નાણાંકીય સંસ્થાઓ દ્વારા જારી કરવામાંાવતા ડેબ્ટ સિક્યુરિટીમાં તેના ફંડના ૫૫ ટકા સુધી રોકાણ કરી શકે છે. ધારકોને વધારે વ્યાજ મળવાની સ્થિતીમાં તીવ્ર મોંઘવારીમાં તેમને આંશિક રાહત મળશે.